# સંઘના માનનીય ટ્રસ્ટીઓ


શ્રી ભગવાનદાસ એમ. માર્કર — શ્રી વલ્લભદાસ મહેતા

શ્રી જયંત આર. ઘડિયાળી — શ્રી મધુ સરૈયા

શ્રી દલસુખભાઈ માણેકર — શ્રી દિનેશભાઈ રાઠોડ

શ્રી ગોવિંદભાઈ પટેલ


---



## શ્રી ભગવાનદાસ માર્કર

અમલસાડ, તા. ગણદેવીના વતની શ્રી ભગવાનદાસ માર્કરે પ્રાથમિક શિક્ષણ ગામદેવી મ્યુનિસિપલ સ્કૂલમાં અને માધ્યમિક શિક્ષણ ગોવાલીયા ટેંકની પ્રોપાયટરી સ્કૂલમાં લીધું હતું. સિદ્ધાર્થ કૉલેજમાંથી એમણે અર્થશાસ્ત્રના વિષય સાથે બી. એ. ની ઉપાધી પ્રાપ્ત કરી હતી. છેક ૧૯૪૪ માં એમણે પ્રોપાયટરી સ્કૂલમાંથી નોકરી કરવાનું શરૂ કર્યું હતું. એઓ ૧૯૪૯માં ન્યુ ઈરા સ્કૂલમાં બીન શિક્ષક કર્મચારી તરીકે જોડાયા હતા અને ઈ. સ. ૧૯૮૭માં સ્કૂલના સચિવ તરીકે સેવા બજાવી નિવૃત્ત થયા હતા.

ઈ. સ. ૧૯૪૯માં એઓ સંઘના મંત્રી બન્યા હતા. ઈ. સ. ૧૯૬૦થી આજદિન સુધી એઓ વચ્ચે એક વર્ષ બાદ કરતાં સંસ્થાના પ્રમુખ રહ્યા છે. સંઘના અસ્તિત્વને ટકાવી રાખવા અને એની દિનબદિન પ્રગતિ થાય તે માટે એમણે પોતાનું સર્વસ્વ બલિદાન કર્યું છે. સંઘમાં એમણે આપેલી સેવાની કોઈ જોડ જડી શકે એમ નથી.

શ્રી માર્કર સાહેબે શ્રી માહ્યાવંશી ક્ષત્રિય ક્રેડીટ કો ઓપરેટીવ સોસાયટી અને માહ્યાવંશી ક્રિકેટ એસોસિયેશન માં પણ સેવા આપી હતી. નોકરી કરતાં કરતાં એમણે વર્લ્ડ એજ્યુકેશન ફેલોશીપ, સમન્વય અને સૂરનૂપુર જેવી સંસ્થાઓ જોડે પણ કાર્ય કર્યું હતું. વર્લ્ડ એજ્યુકેશન ફેલોશીપના તો તેઓ પંદર વર્ષ સુધી સહાયક મંત્રી રહ્યા હતા. આ સંસ્થાઓના ઉપક્રમે એમણે સ્કોટલેન્ડ, લંડન, અમેરિકા, કેનેડાનો પ્રવાસ પણ કર્યો હતો.

### શ્રી મધુ સરૈયા



મુંબઈ વિદ્યાપીઠમાંથી અર્થશાસ્ત્રમાં ઉપાધી મેળવનાર શ્રી મધુ સરૈયાએ અમેરિકા, કેનેડા, યુનાઈટેડ કિંગડમ, જર્મની, ફ્રાંસ, સ્વીટ્ઝરલેન્ડ અને બીજા પડોશી દેશોનો વિસ્તૃત પ્રવાસ કર્યો છે. એમણે આગળ પડતા ઔદ્યોગિક ગૃહો, સરકારી અને ખાનગી સંશોધન અને વિકાસ સંસ્થાઓ સાથે પણ સંપર્ક કેળવ્યો છે. એમણે પોતાના સંશોધન અને વિકાસના કાર્ય માટે 'ઈલેકટ્રો કેમેસ્ટ્રી' ના ક્ષેત્રને પસંદ કર્યું છે. એમણે સ્થાપેલી કંપની 'હાઈટેક આયાત વિકલ્પ' વિકસાવવામાં કાર્યરત છે. એમનું સ્થાપિત સંશોધન કેન્દ્ર દેશમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

શ્રી મધુભાઈ એક અચ્છા ઉદ્યોજક છે અને ફર્ટીલાઈઝર તથા પેટ્રોકેમિકલ ઉદ્યોગો જોડે સંપર્ક ધરાવે છે. ઔદ્યોગિક ક્ષેત્રે એમણે કરેલા યોગદાન બદલ ભારત સરકારે એમને સ્વીકૃતી બક્ષી છે.

ગતિશીલ ઉદ્યોગપતિ શ્રી મધુભાઈ સરૈયા સામાજીક સેવાના ક્ષેત્રમાં પણ એટલુંજ યોગદાન આપી રહ્યા છે. શ્રી. મા. શિ. પ્ર. સંઘમાં એમણે અત્યાર સુધીમાં સવા લાખ કરતાં વધુ રકમનું દાન આપ્યું છે. એ ઉપરાંત એન્જીનીયરીંગ અને મેડિકલના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિઓ પણ આપે છે. સંસ્થા સાથેના એમના સંબધોથી સંસ્થાને નવો નિખાર પ્રાપ્ત થયો છે. સરીબુજરંગ (અમલસાડ), તા. ગણદેવી ના વતની શ્રી મધુભાઈ સરૈયા સમાજમાં પણ સન્માનનીય સ્થાન ભોગવે છે. આપણા સમાજ માટે ગૌરવ લઈ શકાય એવી વ્યકતિ શ્રી મધુભાઈની ઉત્તરોત્તર પ્રગતિ થાય એજ અભ્યર્થના!

### શ્રી જયંત આર. ઘડિયાળી



શ્રી જયંત રવજીભાઈ ઘડિયાળી મૂળ વાણિયા ફળિયા તા. ગણદેવીના વતની છે. હાલ તેઓ અમેરિકન પ્રેસિડેન્ટ લાઈન્સ લિમિટેડના ફીલ્ડ સેલ્સ મેનેજર છે.

એમણે અમેરિકા જઈને પોસ્ટ હાર્વેસ્ટ ટેક્નોલોજી ઓફ હોર્ટિકલ્ચર પ્રોડ્યુસ, કેલિફોર્નિયા યુનિવર્સિટી (યુ. એસ. એ. ) નો અભ્યાસ કર્યો છે. તેમજ ખેતીવાડી અને દરિયાઈ જ્ઞાન ધરાવે છે.

એઓશ્રી સંઘના આજીવન સભાસદ છે. માનદ્મંત્રી તરીકે સેવા આપ્યા બાદ હાલમાં તેઓ સંઘના ઉપપ્રમુખ છે. ઉપરાંત તેઓ સંઘના ટ્રસ્ટી પણ છે. છાત્રાલય ભંડોળ માટે સૌથી વધુ જાહેરખબરો મેળવી આપીને વખતોવખત સંઘને આર્થિક સહાય કરવામાં તેઓ અગ્રસ્થાન ધરાવે છે. છાત્રાલય સભાગૃહનું નામ એમના સ્વ. માતૃશ્રી 'રેવાબેન ર. ઘડિયાળી સભાગૃહ' રાખવામાં આવ્યું છે. તે માટે એમણે સંઘને ઉદાર દાન આપ્યું હતું. એમની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી શુભેચ્છા.


## શ્રી દલસુખભાઈ નારણભાઈ માણેકર



માણેકપુર તા. ગણદેવીના વતની શ્રી દલસુખભાઈ માણેકરે ગુજરાતી છઠ્ઠા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો છે. વ્યારામાં અંગ્રેજીના અભ્યાસ માટે દાખલ થયા પરંતુ હિંદ છોડો ની ચળવળ ચાલુ થઈ એટલે એમાં ભાગ લેવા અભ્યાસ છોડી દીધો અને વતન ચાલી આવ્યા. પછી મુંબઈ આવી મઝગાંવ ડોકમાં તાલિમી વાયરમેન તરીકે જોડાયા. વી. જે. ટી. આઈમાંથી ઈલેકટ્રીશિયનનો કોર્સ કર્યો અને પછી પી.ડબ્લ્યુ.ડી.ની સેકન્ડ કલાસની વાયરમેનની પરીક્ષા પાસ કરી. પંદર વર્ષ **બી.ઈ.એસ.ટી.**માં નોકરી કરી ને ફર્સ્ટ કલાસ સુપરવાઈઝર બન્યા. ઈ.સ. ૧૯૬૫માં ઈલેકટ્રીકલ કોન્ટ્રેકટર બનવા માટે બી.ઈ.એસ.ટી.ની નોકરી છોડી અને વાલકેશ્વરમાં ત્રણ બત્તી પાસે ઈલેકટ્રીકનો બાંકડો બનાવ્યો. પછી મહારાષ્ટ્ર સરકારનું લાયસન્સ મેળવી ઈલેકટ્રીકલ કોન્ટ્રાકટર તરીકે કાર્ય શરૂ કર્યું. હાલમાં આ કાર્યમાં એમને ઠીકઠીક સફળતા પ્રાપ્ત થઈ છે.

ઈ. સ. ૧૯૪૭-૪૮માં એઓ શ્રી મા. શિ. પ્ર. સંઘમાં જોડાયા અને સંસ્થાના ખજાનચી તરીકે લાંબા વખત સુધી સેવા આપી. એ ઉપરાંત દર વર્ષે એઓ સંસ્થાને તન-મન-ધનથી મદદ કરતાં રહ્યા અને છાત્રાલય ફાળા પેટે એમણે લગભગ રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ)નું દાન આપ્યું છે. ઓછાબોલા અને કર્મક શ્રી દલસુખભાઈની અને એમના કુટુંબની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી અભ્યર્થના.

## શ્રી દિનેશભાઈ ડાહ્યાભાઈ રાઠોડ



માણેકપોર, તા. ગણદેવીના વતની શ્રી દિનેશભાઈ રાઠોડે એમનું માધ્યમિક શિક્ષણ વિલેપાર્લેની ગોકળીબાઈ સ્કૂલમાં લીધું હતું. શરૂઆતમાં તેઓ ઈન્કમટેક્ષ ખાતામાં નોકરીએ જોડાયા હતા. પરંતુ પછી ઈ. સ. ૧૯૬૫માં એઓ ન્યૂઈરા સ્કૂલમાં જોડાયા. આજે એઓ ન્યૂઈરા સ્કૂલના ચીફ એકાઉન્ટન્ટ છે. નોકરી કરતાં કરતાં એમણે બી. એ. અને કોવિદનો અભ્યાસ કર્યો છે.

સાઠના દાયકામાં સંઘમાં જોડાયેલા શ્રી દિનેશભાઈએ મંત્રી, ખજાનચી અને ઉપપ્રમુખનો હોદ્દો સંભાળ્યો છે. એંસીના દાયકામાં છાત્રાલય પ્રવૃત્તિ ટાણે ખજાનચી તરીકે એમણે સંસ્થાને અવિસ્મરણીય સેવા આપી છે. સંસ્થાને તન-મન-ધનથી સેવા આપનાર શ્રી દિનેશભાઈના સહુ ઋણી છીએ.



## શ્રી ગોવિંદભાઈ ગોસાંઈભાઈ પટેલ

ગામ કછોલી, તા. ગણદેવીના વતની શ્રી ગોવિંદભાઈ ગોસાંઈભાઈ પટેલનો જન્મ તા. ૮-૯-૧૯૨૩ના દિને થયો હતો. પ્રાથમિક શિક્ષણ કછોલી ગામમાં જ લીધેલું. ધો. ૯ અને ૧૦નો અભ્યાસ અમદાવાદમાં હરિજન છાત્રાલયમાં રહીને ધી ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલમાં લીધેલું. અમદાવાદ રહ્યા તે દરમ્યાન સાબરમતી આશ્રમ સાથે સંપર્ક રહેતો. ઈ. સ. ૧૯૪૪માં મેટ્રીકની પરીક્ષા પાસ કરીને તરતજ રેલ્વેમાં L.D.C. તરીકે માટુંગા વર્કશોપમાં નોકરી સ્વીકારેલી.

નોકરીમાં બઢતી મળતાં ઓફિસ સુપ્રીન્ટેન્ડન્ટ બન્યા. આ નોકરી દરમ્યાન સેન્ટ્રલ રેલ્વેના ઓલ ઈન્ડીયા શેડ્યુલ કાસ્ટ/શેડ્યુલ ટ્રાઈબ એસોસિએશનના સેક્રેટરી તરીકે સેવા બજાવી હતી. તા. ૧.૧૦.૧૯૮૪ના દિને પર્સનલ ઓફિસર (ગેઝેટેડ ઓફિસર) તરીકે સેવા નિવૃત્ત થયા હતા.

શ્રી મા. શિ. પ્ર. સંઘ સાથે છેલ્લાં ૨૦ વર્ષથી શ્રી ગોવિંદભાઈ સંકળાયેલા છે. ઈ. સ. ૧૯૭૩-૭૪માં મંત્રી તરીકે સેવા આપી છે. હાલ સંઘના આજીવન સભ્ય અને માનદ્ ટ્રસ્ટી છે.